જન્મદિને વધામણી

પ્રદીપસિંહ બિહોલા
પ્રમુખ, સચિવાલય ઉપહાર ગૃહ
મો. ૯૮૨૫૮ ૧૫૬૩૧

મહંમદભાઈ આર શેખ
મો. ૯૯૦૪૪ ૪૧૯૨૨

માનવ દિગ્નેશકુમાર પ્રજાપતિ

પ્રવીણાબેન જે વોરા
ઉપપ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ
મો. ૯૪૦૮૦ ૫૬૯૮૨

અમિત તાંબેકર
ફોટો-વિડીયો એડિટર

ધવલ સખિયા
જે કે ડેવલપર્સ

કલ્પતરુ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ

કલ્પતરુ પાવર દ્વારા પ્રાયોજિત શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા આરોગ્ય કેન્દ્રના પરિઘમાં આવતી ૬ શાળાઓને આવરી લેવામાં આવી હતી.

મોતીપુરા, ભૂમસીયા, પથુજીની મુવાડી, ગોપાલપુરા, બારીયા પગાર સાળા તથા ગુંદિયાની મુવાડી શાળાના ૫૩૭ જેટલા વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. શ્રી ગજાનન સેવા સમિતિના ડૉક્ટર પ્રવીણ બોઘાણી, ડૉ. અતુલ પંડ્યા, ગોપાલભાઈ, મિલિન્દ ગુપ્તે વગેરે આ સેવાકાર્યમાં સાથે મળીને જોડાયા હતા. વિદ્યાર્થીઓને પેન્સીલ, રબર, કંપાસ તથા નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે જૂની ચિકિત્સા પદ્ધતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ચિલોડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને જૂની ચિકિત્સા પદ્ધતિ અંગે માહિતગાર કરવા એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમ્યાન વિદ્યાર્થીઓને ઘરગથ્થુ તેમજ રસોડા ઔષધ સહિતની બાબતો અંગે જાણકારી પુરી પાડવામાં આવી હતી. ચિલોડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને જુની ચિકિત્સા પદ્ધતિ અંગે જાગૃત કરવા જિલ્લા આરોગ્ય અધિકારીએ તુલસી, બીલી, અરડૂસી ઉપરાંત રસોડાના ઔષધો અંગે ઉપચારાત્મક માહિતી પુરી પાડી હતી. આ દરમ્યાન આયુર્વેદ માહિતી પુસ્તિકાનું પણ વાંચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી, મગોડી આયુર્વેદિક દવાખાનાના મેડિકલ ઓફીસર ડૉ. મીરા રાજગુરુ, એસએમસીના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર તથા સંજયજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની તેજસ્વી વિદ્યાર્થીની વૈશાલી દરબારે કર્યું હતું.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઘાયલ વન્સ અગેઇન
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
એરલિફ્ટ
૧.૦૦

સ્ક્રીન-૪
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

સ્ક્રીન-૫
એરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫
એરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

ઓલ ઈન્ડીયા પોલીસ લૉન ટેનીસ ચેમ્પીયનશીપમાં પ્રથમ વખત ગુજરાત પોલીસની ટીમ વિજેતા બની

ડીજીપીએ ગુજરાત પોલીસની ટીમને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા. ૬

૧૬મી ઓલ ઈન્ડીયા પોલીસ લૉન ટેનીસ ચેમ્પીયનશીપ ન્યુ દિલ્હી ખાતે તા. ૧ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૬ દરમિયાન યોજાઈ હતી.

આ ઓલ ઈન્ડીયા પોલીસ ટેનીસ સ્પર્ધામાં ગુજરાત પોલીસ તરફથી આઈજીપી (એલ એન્ડ ઓ) મનોજ અગ્રવાલ અને એસઆરપી ગ્રુપ-૭, નડીયાદના ડીવાયએસપી કેતન પારેખ અને અંકલેશ્વરના એસડીપીઓ ડીવાયએસપી રવિરાજસિંહ જાડેજાની ટીમે ડીજીપી પી.સી.ઠાકુરની શુભેચ્છાથી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઓલ ઈન્ડીયા પોલીસ લૉન ટેનીસ ચેમ્પીયનશીપ છેલ્લા ૧૬ વર્ષથી ચાલે છે. પરંતુ ગુજરાત પોલીસ ટીમે ૧૬ વર્ષ પછી પ્રથમ વખત વિજેતા થઈ ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનીસ ચેમ્પીયનશીપ મેળવેલ છે. જે ગુજરાત પોલીસ માટે ખુબ જ ગૌરવની બાબત છે. હવે આ ચેમ્પીયનશીપ ટ્રોફી ગુજરાત પોલીસના નામે રહેશે. ઓલ ઈન્ડીયા પોલીસ લૉન ટેનીસ ચેમ્પીયનશીપમાં વિજેતા થઈ ગુજરાત પોલીસનું નામ રોશન કરનાર આઈજીપી મનોજ અગ્રવાલ, ડીવાયએસપી કેતન પારેખ અને ડીવાયએસપી રવિરાજસિંહ જાડેજાની ટીમને સમગ્ર પોલીસ પરિવાર તરફથી ડીજીપી પી.સી. ઠાકુરે અભિનંદન પાઠવ્યા છે.

આજે સેક્ટર-૭ ખાતે વિશિષ્ટ ખેલ મહાકુંભ

ગાંધીનગર, તા. ૬

માનસિક વિશિષ્ટ અને પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટેના વિશિષ્ટ ખેલ મહાકુંભનું આયોજન તા. ૭ ફેબ્રુઆરી ને રવિવારના રોજ ચૌધરી કૉલેજ પરિસર, સેક્ટર-૭ ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંચાલિત અને ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી તથા ગ્રો ફાઉન્ડેશન, ગાંધીનગર આયોજિત આ વિશિષ્ટ રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લાના ૪૦૦થી વધુ માનસિક વિશિષ્ટ અને ૨૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

વિશિષ્ટ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે આ પ્રસંગે પધારવા સૌ નાગરિકો, ખેલપ્રેમીઓને આયોજકો વતી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ અન્ડર ૧૪ લિગ ટુર્નામેન્ટમાં

૧૫ ગોલ સાથે બેસ્ટ સ્ટ્રાઈકર ટ્રોફી મેળવતો દક્ષ રાણા

ગાંધીનગર, તા. ૬

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા સ્ટેર્સ બંનેના સંયુક્ત ઉપક્રમે લીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમદાવાદ તથા ગાંધીનગરની ૬૪ શાળાઓની ટીમના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલની ટીમમાંથી ભાગ લઈ રહેલા દક્ષ રાણાએ સમગ્ર ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૧૫ ગોલ ફટકારીને બેસ્ટ સ્ટ્રાઈકર ટ્રોફી મેળવી ગાંધીનગર જિલ્લાનું તથા માઉન્ટ કાર્મેલ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ સ્પર્ધામાં તેની ઉત્કુષ્ટ દેખાવ બદલ માઉન્ટ કાર્મેલ સ્કૂલના આચાર્યા સિસ્ટર રેણુકા તથા શાળા પરિવારે દક્ષ રાણાને અભિનંદન પાઠવ્યા છે. આ સ્પર્ધા દરમિયાન શાળાના પી.ટી શિક્ષક શ્રી રાકેશભાઈ તથા કોચ શ્રીમતી હિમાંશુ ચૌહાણએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

સેન્ટ્રલ જેલ ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં અમદાવાદ સેન્ટ્રલ જેલ સાબરમતી ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કેદીઓના હક્કો અને અધિકારો વિશે જરૂરી માર્ગદર્શન અંગે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમિયાન સેવા સત્તા મંડળના પ્રતિનિધિ સુધીરભાઈ દેસાઈ અને નટવરભાઈ પટેલે જેલની મુલાકાત લીધી હતી.

‘ઘાયલ-વન્સ અગેઈન’ કી ગત, ઘાયલ-સની દેઓલ જ જાણે...!

સની પાજી બધુ જ જૂનું-જૂનું અને જૂનવાણી લઈને આવ્યા છે : પ્રેક્ષકોની વન્સ અગેઈન ઘાયલ થવાની સંભાવના!

રિયલ વ્યુ
હિરેન ભટ્ટ

નવી બૉટલમાં જૂનો દારૂ હોય એ આવકાર્ય જ નહીં પરન્તુ વધારે સરાહનીય છે... પરન્તુ જૂની બૉટલમાં નવો દારૂ હોય એ જરાયે સ્વિકાર્ય ન હોય. સની દેઓલની ‘ઘાયલ-વન્સ અગેઈન‘ ૨૬ વર્ષ પહેલાં પસંદ પડતાં કથાનકને નવા વાઘાં પહેરાવીને પરાણે પ્રેક્ષકોને માથે મારવાનો પ્રયત્ન છે. વૃધ્ધાને સ્ટાઈલીશ પહેરવેશ પહેરાવીને પ્રસ્તુત કરવાથી ટોળેટોળાં આકર્ષાઈ આવશે એવી આશા રાખવી વધુ પડતી છે. હાથની જગ્યાએ ઢાઈ કિલોનો હથોડો હોય, અને એ પ્રેક્ષકોના લમણે વાગે તો શું થાય?

૧૯૯૦માં અમિતાભની ‘અગ્નિપથ’, રાજેશ ખન્નાની ‘સ્વર્ગ’, અનિલ કપૂરની ‘કિશન કનૈયા’, વિનોદ ખન્નાની ‘કારનામા’ જેવી ફિલ્મો રિલિઝ થઈ હતી ત્યારે ૩૩ વર્ષના એન્ગ્રી યન્ગમેન-એક્શન હિરો સની દેઓલની ફિલ્મ ‘ઘાયલ’ રિલિઝ થઈ હતી. ‘ઘાયલ’ માટે સની દેઓલને તે વખતે નેશનલ ફિલ્મ એવોર્ડ અને ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો... આજે આ ઘટનાને ૨૬ વર્ષના વહાણા વહી ગયા છે... આજે ૨૦૧૬માં ફરહાન અખ્તર, તુષાર કપૂર, આર.માધવન, પુલકીત સમ્રાટ, આદિત્ય રોય કપૂર, જહોન અબ્રાહમ જેવા કલાકારોની યુથફુલ ફિલ્મો રિલિઝ થઈ રહી છે ત્યારે ૫૯ વર્ષના એક્શન હિરો-સની દેઓલ પોતાની એ જ ૧૯૯૦ વાળી ‘ઘાયલ’ ની સિકવલ ‘ઘાયલ-વન્સ અગેઈન’ લઈને આવ્યા છે.

રાજકુમાર સંતોષી દિગ્દર્શિત ૧૯૯૦ની ‘ઘાયલ’ ના અંતથી ‘ઘાયલ-વન્સ અગેઈન’ની શરૂઆત થાય છે. ટૂંકમાં વાર્તા ત્યાંથી જ આગળ ચાલે છે. અમરીશપુરીના ખૂનની સજામાં જેલમાં ગયેલો સની દેઓલ સજા પુરી કર્યા પછી નવા જીવનમાં ‘સત્યકામ‘ નામના છાપાનો સુપરમેન જેવો પત્રકાર છે. ‘સત્યકામ’ માત્ર છાપું નહીં પણ ચળવળ છે. ગેન્ગસ્ટર અને પોલીસને હોય એવું જ ઈન્ફ્રાસ્ટ્રકચર સની દેઓલે પણ ઉભું કર્યું છે. ૨૬ વર્ષમાં સની દેઓલ પણ સમૃદ્ધ થયો છે, એ હવે એકલવીર નથી. એની પાસે પણ સારા-સત્યનિષ્ઠ માણસોની ગેન્ગ છે. જે સત્ય માટે કંઈ પણ-ગેરબંધારણીય પણ કરવા તૈયાર છે. ટૂંકમાં સત્યકામ એ વિલન અને પોલીસની પેરેલલ માળખું છે !!!

‘ઘાયલ-વન્સ અગેઈન‘નો વિલન રાજ બંસલ (નરેન્દ્ર જહા)અંબાણી અને અદાણી જેવો ઉદ્યોગપતિ છે, જેની પહોંચ સરકારથી પણ વધુ છે. રાજ બંસલ પણ મુકેશભાઈ અંબાણીના ‘એન્ટિલીયા’જેવા ટાવરમાં રહે છે, અને ત્યાંથી જ સેટેલાઈટ દ્વારા મુંબઈની ગલીએ ગલી પર વૉચ રાખે છે. કાકા સાહેબ (મનોજ જોષી) જેવા અનેક રાજકારણીઓ સાથે ઘરોબો ધરાવતા રાજ બંસલનો પુત્ર કબીર બંસલ (અભિલાષ કુમાર) વાતવાતમાં ઉશ્કેરાઈને આર. ટી. આઈ. એક્ટિવીસ્ટ અને પૂર્વ એસીપી જો ડી’સોઝા (ઓમ પુરી)ની હત્યા કરી નાંખે છે.

કટ ટુ યુથ...ચાર કોલેજિયન મિત્રો રોહન (શિવમ પાટીલ), અનુષ્કા (આંચલ મુંજાલ), વરૂણ (રિષભ અરોરા) અને રેણુ (નેહા ખાન) પિકનીક પર ગયા હોય છે. બર્ડની ફોટોગ્રાફી કરતી વખતે સેલ્ફી સ્ટીકથી માળામાં મુકેલાં બચ્ચાંની ફોટોગ્રાફી કરતાં-કરતાં પંખી વચ્ચેથી હટી જાય છે, અને તેમના કેમેરામાં ઓમ પુરીના ખૂનની એ વારદાત લાઈવ રેકોર્ડ થઈ જાય છે. ઘેર જઈને રેણુ પોતાના કેમેરાના વિઝયુઅલ કોમ્પ્યુટરમાં ડાઉનલોડ કરે છે, ત્યારે તેને ખબર પડે છે કે, કેમેરામાં તો બર્ડને બદલે બંસલના શૂટીંગનું શૂટીંગ થઈ ગયું છે...હવે ???

છોકરાંઓ મુંઝાય છે... આ હાર્ડ ડીસ્ક લઈને સની દેઓલ-સત્યકામ-અજય મહેરા પાસે જવું કે શું કરવું? સેટેલાઈટથી મુંબઈના ઘરે ઘરની ખબર રાખતા રાજ બંસલને ખબર પડે છે કે એના શૂટીંગનું શૂટીંગ ગઈ ગયું છે. અને વાત સની દેઓલ સુધી પહોંચી ગઈ છે... પછી ડૉનની ડાયરીની જેમ હાર્ડ ડીસ્ક હાંસલ કરવાની હોડ શરૂ થાય છે અને ફિલ્મ પ્રેક્ષકોને ઘાયલ... વન્સ અગેઈન... વન્સ અગેઈન... વન્સ અગેઈન... કરતી જ જાય છે!!!

સની દેઓલ વિતેલા યુગના સફળ અભિનેતા છે. જેમ ધર્મેન્દ્રની પોતાની એક આગવી સ્ટાઈલ છે, એમ ધરમપુત્ર સની દેઓલની પણ પોતાની સ્ટાઈલ અને આગવો ચાહક વર્ગ હતો. હવે હતો એમ કહેવું પડે છે, કારણ કે એ વર્ગ હવે સલમાન ફેન કલબમાં જોડાઈ ગયો છે. વર્ષ ૧૯૮૩માં ‘બેતાબ’ ફિલ્મથી સની દેઓલે હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી મારી હતી. ‘બેતાબ’ એ વખતે યુવાન દિલોની ધડકન હતી. ૩૩ વર્ષની ફિલ્મ કારકિર્દીમાં અત્યારે ૫૯ વર્ષના થયેલા સની દેઓલે ૯૧ હિન્દી ફિલ્મોમાં અભિનય કરીને એક્શન હિરોની આગવી છાપ ઉભી કરી ને ‘ઘાયલ’નું બિરૂદ મેળવ્યું છે. પરન્તુ છેલ્લા ઘણા વર્ષોથી છૂટી-છવાઈ નિષ્ફળ ફિલ્મો આપીને કાળની ગર્તામાં ખોવાઈ ગયેલા સની દેઓલને વળી શું શૂરાતન સુજ્યું કે લાખના બાર હજાર કરવા ‘ઘાયલ-વન્સ અગેઈન’ બનાવી!!!

૫૯ વર્ષનો અભિનેતા આ ફિલ્મમાં ખરેખર ઘાયલ જ લાગે છે ઘાયલની સારવાર માટે હિરોઈન તરીકે ડૉકટરના પાત્રમાં સોહા અલી ખાન છે. યોગાનુયોગ જુઓ કે, સની દેઓલની પહેલી ફિલ્મ-બેતાબમાં સૈફ અલી ખાનની પત્ની-અમ્રિતા સિંઘ અને આ છેલ્લી ફિલ્મમાં સૈફ અલી ખાનની બહેન-સોહા અલી ખાન...! બીજા ૩૩ વર્ષ પછી સની દેઓલ ફિલ્મ બનાવે તો હિરોઈન તરીકે સૈફ અલી ખાનની દીકરી સારા અલી ખાન હોય તો નવાઈ ન પામતા !!!

સની દેઓલ હોય ત્યાં એકશન સિવાય બીજું હોય પણ શું? નિર્માતા-દિગ્દર્શક-અભિનેતા સની દેઓલે આ ફિલ્મના એકશન દૃશ્યો માટે હૉલીવુડના પ્રખ્યાત એકશન કો-ઓર્ડીનેટર ડેન બ્રેડલીની મોંઘીદાટ સેવાઓ લીધી છે. હૉલીવુડની ‘સ્પાઈડર મેન’, ‘સુપરમેન રિટર્ન્સ’, ‘ઈન્ડિપેન્ડન્સ ડે’, ‘ક્વૉન્ટમ ઑફ સોલસ’, અને ‘મિશન ઈમ્પોસિબલ-ઘોસ્ટ પ્રોટોકોલ’ના એકશન કો-ઓર્ડીનેટર ડેન બ્રેડલીએ ડાયરેકટ કરેલા એકશન સીન જ ‘ઘાયલ-વન્સ અગેઈન’નું એકમાત્ર જમા પાસુ છે. જો કે કાર ચેઝ અને અન્ય ચેઝીંગના સીન્સમાં તો કંઈ જ નવું નથી. સની દેઓલ હેલીકોપ્ટર હંકારીને ‘એન્ટેલિયા’ જેવા ટાવર પર હૂમલો કરે છે ત્યારે આર્નોલ્ડ શ્વાઝનિગરની ફિલ્મ ‘ટ્રુ લાઈઝ‘ યાદ આવી જાય... છેક હોલીવુડથી આવેલા ડેન બ્રેડલી પણ આમ સાવ બેઠે બેઠી નકલ કરીને ઘાયલ-સની દેઓલને વધુ ઘાયલ કરી જશે એવું નો’તું ધાર્યું!

આ ઉપરાંત ફિલ્મમાં બીજું કંઈ નથી. કહેવા ખાતર શંકર-અહેસાન-લૉયનું મ્યુઝીક છે, પણ ફિલ્મમાં કોલેજિયનોના એક ગીત સિવાય કોઈ ગીત નથી, અને એ પણ સામાન્ય છે. ફિલ્મના બેક ગ્રાઉન્ડ મ્યુઝિક માટે વિપિન મિશ્રા નામના નવોદિત સંગીતકારે સારી મહેનત કરી છે. રવિ યાદવની સિનેમેટોગ્રાફી પણ ૨૬ વર્ષ જૂની હોય એવું લાગે! ચંદન અરોરાનું એડીટીંગ પણ સાવ સામાન્ય કક્ષાનું છે. ક્યાંક-ક્યાંક તો એડીટર સ્વયં પણ ‘ઘાયલ’ થઈ ગયાનું અનુભવાય છે. સાગર પંડ્યા અને શક્તિમાન તલવારની નાવિન્ય વિનાની વાર્તા પરથી વિશાલ વિજયકુમાર અને સંજય માસુમે લખેલો સ્ક્રીન પ્લે પણ ખૂબ જ પ્રિડિક્ટેબલ છે. આમ તો જો કે ટાઈટલથી જ આખી ફિલ્મનું અનુમાન લગાવી શકાય એમ છે...!

‘ઘાયલ-વન્સ અગેઈન’ની રિલિઝ ઘણી ઠેલાઈ. ફિલ્મનું પોસ્ટ પ્રોડકશન અને ખાસ કરીને વિઝયુઅલ ઈફેકટનું કામ બાકી હોવાથી વર્ષ-૨૦૧૫માં ૧૩ નવેમ્બરે રિલિઝ થનારી આ ફિલ્મ ૧૫મી જાન્યુઆરી સુધી પાછી ઠેલાઈ. એ પછી પણ કોઈ કારણોસર ફિલ્મ ઠેલાતી-ઠેલાતી આ શુક્રવારે રિલિઝ થઈ. એક પેઢી પહેલાંનો એક્શન હિરો-સની દેઓલ નવી જનરેશનના પ્રેક્ષકોને આકર્ષી શકે એવી કોઈ સંભાવના આ ફિલ્મમાં દેખાતી નથી, તો એક પેઢી પહેલાંના પ્રેક્ષકોના રસ અને રૂચિ પણ નવા યુગની સિનેમાએ બદલી નાખ્યા હોવાથી એ પેઢી પણ સિનેમાગૃહ તરફ લમણું વાળે એવું લાગતું નથી.

અત્યારે લોકોને નવી બોટલમાં જૂનો દારૂ જોઈએ અને એ માણવા માટે પણ મસ્ત-મસ્ત આધુનિક માહોલ જોઈએ. ત્યારે સની પાજી બધુ જ જૂનું-જૂનું અને જૂનવાણી લઈને આવ્યા છે. હવે તો ‘ઘાયલ-વન્સ અગેઈન’ કી ગત ‘ઘાયલ’-સની દેઓલ જ જાણે...! પ્રેક્ષકો ‘વન્સ અગેઈન ઘાયલ’ થાય એમાં કોઈ માલ નથી!!!